# યોગ્ય માપ
## ઈશા સરદેસાઈ દ્વારા પુનર્લિખિત

ઘણા સમય પહેલાંની આ વાત છે. દક્ષિણ-પૂર્વ ચીનમાં લીલાંછમ ડુંગરની તળેટીમાં, વૂયુઆન નામના ગામમાં એક માણસ રહેતો હતો. તેને સંખ્યાઓ ખૂબ જ પ્રિય હતી. જો કોઈ વસ્તુની કિંમત આંકી શકાતી તો તે કંઈક ને કંઈક જરૂર આંકી લેતો. જો કોઈ વસ્તુનું ખાસ માપતોલ અથવા તેની ગણતરી થઈ શકતી તો તે પોતાની અલંકૃત ભાષામાં જરૂરથી કરી લેતો. સંખ્યાઓથી જે સ્પષ્ટતા, સરળતા, સુરક્ષા મળતી તે તેને ઘણી ગમતી. તેની દુનિયાનું એક માળખું હતું જેને એ માણસે સંખ્યાઓથી સુરક્ષિત કરી રાખ્યું હતું, જાત-જાતનાં એકમોમાં વહેંચીને રાખ્યું હતું. તે સુવ્યવસ્થિત હતી. તેની દુનિયા ઘણી અર્થપૂર્ણ હતી.

એક દિવસ સાંજની આ વાત છે આ માણસ પોતાની ઝૂંપડીમાં તેના હાથમાં થોડા કાગળ લઈ, પગ લાંબા કરીને બેઠો હતો. તે કાગળ પર પોતાના પગ મૂકીને પગની આકૃતિ દોરી રહ્યો હતો.

તેણે તેનું માથું એક તરફ નમાવ્યું હતું અને આંખો ત્રાંસી કરીને તે ખૂબ જ ધ્યાનથી જોઈ રહ્યો હતો. તેની જીભ તેના મોઢાંમાં એક બાજુથી બહાર નીકળી રહી હતી. તે એકદમ ધીરેધીરે કલમને પોતાના પગની એડીની આજુબાજુ ફેરવી રહ્યો હતો. પછી તે જરા થોભ્યો, તેણે તેનું માથું બીજી તરફ નમાવ્યું અને હવે તે પગના આંગળાઓની આજુબાજુ કલમને ફેરવવા લાગ્યો. વાત એમ હતી કે આ માણસને નવા ચંપલ બનાવડાવવા હતા અને તેણે નિશ્ચય કરી લીધો હતો કે ચંપલ તેના પગમાં બરાબર આવવા જોઈએ.

જ્યારે તે માણસને પૂરી રીતે ખાત્રી થઈ ગઈ કે તેણે તેના પગનો આકાર એકદમ સારી રીતે દોરી લીધો છે ત્યારે તેણે પોતાના પગની નીચેથી કાગળ ખેંચી લીધો અને હવે તે કાગળ પર દોરેલી તેના પગની આકૃતિનું માપ લેવા લાગ્યો. પગના પંજાથી એડી સુધી બરાબર 'આટલી' લંબાઈ અને 'આટલી' પહોળાઈ હતી. તેણે તેના પગના તળિયાના દરેક ખૂણા અને વળાંકની સારી રીતે ચકાસણી કરી લીધી. પોતાના માપને એણે ઘણી વાર તપાસી જોયું અને પછી એ જ રીતે બીજા પગનું માપ પણ લઈ લીધું.

બીજા દિવસે સવારે, પહાડોની પાછળથી સૂર્યોદય થતાં જ તે બજારમાં જવા માટે નીકળી પડ્યો. તે ચાલતો જઈ રહ્યો હતો, જ્યાં પહોંચવામાં તેને ઘણા કલાક લાગવાના હતા. સૌથી નજીકનું ગામ પણ હજી ઘણું દૂર હતું. તે માટીના વાંકાચૂંકા રસ્તા પરથી, પીળા ફૂલથી શોભી રહેલાં પહાડના ઢોળાવમાં આવેલાં ખેતરોમાં થઈને જઈ રહ્યો હતો. ધીરેધીરે ગરમી વધી રહી હતી, સૂર્ય માથા ઉપર આવી ગયો હતો. હવે તે થોડો-થોડો હાંફવા લાગ્યો હતો.

આખરે તે બજારમાં પહોંચી ગયો. ત્યાં લોકોની ઘણી ભીડ હતી. વેપારીઓ ખાવાપીવાની વસ્તુ, રેશમી કપડાંથી લઈને તાંબાના વાસણો જેવો બધો જ સામાન વેચી રહ્યાં હતાં અને ગ્રાહકો તેમની સાથે વાજબી ભાવ માટે ભાવતાલ કરી રહ્યાં હતાં. થોડે દૂર, તેને મોચીની દુકાન દેખાઈ.

તે ભીડમાંથી રસ્તો કરીને પોતાની કમર પર બાંધેલા થેલાને બરાબર પકડીને જઈ રહ્યો હતો. તેના કાગળો, તેણે લીધેલું માપ તેના થેલામાં તેણે લીધેલી બીજી ઘણી બધી વસ્તુઓમાં ક્યાંક આડા-અવળા થઈ ગયા હતા. જ્યારે તે હાથ નાખીને થેલો ફંફોળી રહ્યો હતો ત્યારે તેના હાથમાં ઘરેથી લાવેલા ખાવાનો ડબ્બો આવ્યો અને પછી કોઈ લાંબી વસ્તુ હાથ લાગી, કદાચ તે તેની પાણીની બોટલ હતી. તે મનમાં ને મનમાં ખુશ થઈને થેલાને ફંફોસતો ચાલી રહ્યો હતો.

થોડીવાર પછી તેણે પોતાને કહ્યું, ''આ તો બહુ વિચિત્ર વાત છે. મને મળી જ નથી રહ્યું.'' અને હવે તેણે બેચેનીથી ફરી આખા થેલાને ફંફોળી નાખ્યો. પછી તે હાથથી પોતાના જ શરીર પર તપાસવા લાગ્યો — છાતી પર, જંઘાઓ પર અને એટલે સુધી કે પીઠ પર પણ. બની શકે કોઈ ગુપ્ત ખીસું હોય જેમાં તેણે આમ જ તેના માપના એ કિંમતી કાગળને વાળીને મૂકી દીધું હોય!

પરંતુ ન તો ત્યાં કોઈ ખીસું હતું કે ન તો કોઈ કાગળ. તે જ્યાં હતો ત્યાં જ રસ્તાની વચ્ચોવચ ઊભો રહી ગયો અને તેને કાગળ ન હોવાનું કડવું સત્ય સમજમાં આવી રહ્યું હતું. તે તેની આસપાસની ધક્કામુક્કી કરતી ભીડને ભાવશૂન્ય નજરે જોવા લાગ્યો.

આખરે તે માણસે એક ઊંડો નિસાસો નાંખ્યો, એવું લાગતું હતું જાણે તેનું આખું શરીર ઢીલું પડી ગયું હોય. હવે શું કરવું? તેને પેલા નવા ચંપલની જરૂર હતી. અને તેને તે બરાબર પગમાં આવે એવા માપના જોઈતા હતા. હવે તો એક જ ઉપાય હતો. . . તેણે તે માપના કાગળને લેવા પાછા જવું જ પડશે.

તેથી તેના થાકી ગયેલા શરીરથી જેટલી ઝડપથી ચાલી શકે તેટલી ઝડપથી તે પાછો ફર્યો. ગામની સુંદરતા તેની આંખોને દેખાતી જ નહોતી. તે વારંવાર પોતાને કોસતા કોસતા જઈ રહ્યો હતો. તેને સમજાતું નહોતું કે તે આટલો બેદરકાર કેવી રીતે બની ગયો, તેણે આવી મૂર્ખાઈ ભરેલી ભૂલ કેવી રીતે કરી. તે તેના માપને લાવવાનું કેવી રીતે ભૂલી ગયો, જેને એકદમ ચોક્કસરીતે લેવા માટે તેણે કેટલો બધો સમય વ્યતીત કર્યો હતો.

છેવટે તે ઘરે પહોંચ્યો. તેણે ઘરનો પ્રવેશ દ્વાર ખોલ્યો તો એ કાગળોને બરાબર ત્યાં જ પડેલા જોયા જ્યાં તે ભૂલી ગયો હતો. તેણે ખીજને કારણે બબડાટ કરતાં કરતાં ઝડપથી કાગળો લઈ લીધા. હવે તેને મનમાં થોડી રાહત થઈ. પછી તેણે ફરીથી એ દૂર ગામની લાંબી યાત્રા શરૂ કરી દીધી.

તે બજારમાં પાછો આવ્યો ત્યારે લગભગ સૂર્યાસ્ત થઈ ગયો હતો. જો તેણે આકાશમાં જોયું હોત તો કદાચ તે જોઈ શક્યો હોત કે સાંજના ઝાંખા પ્રકાશમાં તારાઓ ટમટમવા લાગ્યા હતા અને દરેક વસ્તુ ધૂંધળી, જાંબલી રંગની આભાથી ઘેરાઈ ગઈ હતી. પરંતુ તેને તો માત્ર વિખરાતી ભીડ, ખાલીખમ ગલીઓ અને પોતાનો માલસામાન સમેટતા દુકાનદારો જ દેખાઈ રહ્યા હતા.

તે મોચીની દુકાન પર આવી પહોંચ્યો. તે હજી પણ હાંફી રહ્યો હતો અને તેના કપાળ પર પરસેવો ચમકી રહ્યો હતો. જ્યારે તે નજીક પહોંચ્યો તો તેણે જોયું કે દુકાનનો દરવાજો બંધ થઈ ગયો હતો. એક જુવાન છોકરો જે શીખાઉ નોકર જેવો લાગતો હતો, તે દુકાનની આગળ પગથિયાં પર ઝાડુ મારી રહ્યો હતો.

તે માણસે આજીજી કરતા કહ્યું, ‘‘મારે આજે જ ચંપલ ખરીદવા છે. શું મોચી અંદર છે?’’

એ છોકરો ઝાડુ મારતાં મારતાં અટકી ગયો અને તેણે એ માણસ તરફ જોયું. ‘‘માફ કરજો સાહેબ, પરંતુ દુકાન બંધ થઈ ગઈ છે. મોચી ઘરે જતો રહ્યો છે. તમારે ફરી કોઈ દિવસ આવવું પડશે.’’

‘હે શું!’. . . તે માણસે અવિશ્વાસથી એ છોકરા સામે જોયું. તે બોલી ઊઠ્યો, ‘‘પરંતુ... પરંતુ... તમે સમજી નથી રહ્યા કે આજે આખો દિવસ મારા પર શું વીત્યું છે!’’ પછી તેણે તેના માપના કાગળની આખી વાર્તા કહેવાની શરૂ કરી કે તે માપ કેટલું અગત્યનું છે, તે માપનું કાગળ ઘરે જ ભૂલી ગયો હતો અને પછી કેવી રીતે તેને લાવવા તેણે ફરી ઘરે જવું પડ્યું. વગેરે વગેરે.

તે છોકરો તેને તાકતો રહ્યો, પહેલાં તો આશ્ચર્યથી પણ પછી તેના ચહેરા પર દયાનો ભાવ ઊભરાયો. જ્યારે એ માણસે તેની વાત કહેવાની પૂરી કરી ત્યારે તે છોકરાએ કહ્યું, ‘‘પણ સાહેબ, ભલે તમે તમારું માપ ઘરે ભૂલી ગયા હતા, તોપણ શું આખો દિવસ તમારા પગ તમારી પાસે નહોતા?’’

© ૨૦૧૯ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.

આ વાર્તા ઈસવીસન પૂર્વે ત્રીજી શતાબ્દીમાં લખવામાં આવેલી એક પ્રાચીન ચીની બોધકથા પર આધારિત છે.